# A Synopsis

Of the Thesis to be submitted for

Ph.D. Degree in Gujarati

At The Maharaja Sayajirao University of Baroda, Vadodara.

**ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરામાં ગુજરાતી વિષયમાં**

**પીએચ.ડી.ની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા**

## Research Topic for Ph.D.

‘Himanshi shelat’s contribution to Gujarati Literature:
A Critical Study’

‘હિમાંશી શેલતનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાનઃ એક વિવેચનાત્મક અભ્યાસ’

**Presented By:**

**Sheikh Yakub M.**

**Guide:**

**Prof. Bharat Mehta**

Department of Gujarati, Faculty of Arts,

The Maharaja Sayajirao University of Baroda,

Vadodara - 390 002

**December - 2021**

## શોધનિબંધની રૂપરેખા

મારા શોધનિબંધનો વિષય છે : “હિમાંશી શેલતનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાનઃ એક વિવેચનાત્મક અભ્યાસ”. પ્રસ્તુત શોધનિબંધને સુનિયોજિત અને સચોટ બનાવવા તથા તેના પ્રત્યેક પાસાંને યોગ્ય ન્યાય મળી રહે એ હેતુથી કુલ ૬ પ્રકરણો તથા ૬ પરિશિષ્ટોમાં વિભાજીત કરેલ છે. આ શોધનિબંધનો પ્રકરણવાર અનુક્રમ નીચે મુજબ છેઃ


પ્રકરણઃ ૧. હિમાંશી શેલત : વ્યક્તિત્વ અને વાઙ્મય

પ્રકરણઃ ૨. હિમાંશી શેલતનું ટૂંકી વાર્તાક્ષેત્રે પ્રદાન

પ્રકરણઃ ૩. હિમાંશી શેલતનું નવલકથા / લઘુનવલક્ષેત્રે પ્રદાન

પ્રકરણઃ ૪. હિમાંશી શેલતનું સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્યક્ષેત્રે પ્રદાન

પ્રકરણઃ ૫. હિમાંશી શેલતનું અન્ય સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન

પ્રકરણઃ ૬. ઉપસંહારઃ સંશોધનના તારણો અને નિષ્કર્ષ

પરિશિષ્ટઃ ૧. A Presentation under Departmental Coursework (Phase - I) For Ph.D. Students - (નારીની અસ્મિતા પ્રગટાવતી નવલકથાઃ ‘કાદંબરીની મા’)

પરિશિષ્ટઃ ૨. A Presentation under Departmental Coursework (Phase - II) For Ph.D. Students - (દિવસના ઉજાસની પછીતે છૂપાયેલું અંધારુંઃ ‘સફેદ અંધારું’)

પરિશિષ્ટઃ ૩. હિમાંશી શેલત સાથેની મુલાકાત

પરિશિષ્ટઃ ૪. પુસ્તક સૂચિ

પરિશિષ્ટઃ ૫. સંદર્ભગ્રંથ સૂચિ

પરિશિષ્ટઃ ૬. સામયિક સૂચિ

## પ્રકરણ: ૧

## હિમાંશી શેલત : વ્યક્તિત્વ અને વાઙ્મય

પ્રસ્તુત પ્રકરણમાં પ્રતિબદ્ધ વાર્તાકાર હિમાંશી શેલતના વ્યક્તિત્વ અને વાઙ્મય વિશે વિગતે અભ્યાસ રજૂ કર્યો છે. અનુઆધુનિક ગુજરાતી વાર્તાકારોમાં હિમાંશી શેલત એક અગ્રણી વાર્તાકાર છે. તેઓ સામાજિક નિસબત ધરાવતા સંવેદનશીલ વાર્તાકાર હોવાની સાથે સાથે નવલકથાકાર, વિવેચક, ચરિત્રલેખક, નિબંધલેખક, અનુવાદક, સંપાદક અને પ્રતિબદ્ધતાથી સામાજિક - શૈક્ષણિક કાર્ય કરતાં કર્મશીલ કાર્યકર પણ છે. જ્યારે આધુનિક સાહિત્ય એકવિધ, સપાટ અને યાંત્રિક પ્રકારનું સર્જાવા લાગ્યું હતું ત્યારે બરાબર આ જ સમયગાળામાં આધુનિકતાવાદી સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓને ઓળખી નવી પેઢીના સર્જકો સક્રિય થાય છે. આધુનિક ટૂંકીવાર્તાની પ્રતિક્રિયારૂપે ૧૯૮૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તા જે રીતે દિશા બદલે છે તેમાં હિમાંશી શેલતનું મહત્ત્વનું યોગદાન છે.

અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તામાં મહત્ત્વનું પ્રદાન કરનાર હિમાંશી શેલતનો જન્મ ૮મી જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ સુરત મુકામે અભિજાત પરિવારમાં થયો હતો. હિમાંશી શેલતના આકર્ષક વ્યક્તિત્ત્વને ઘડવામાં તેમનાં માતા-સુધાબહેન અને પિતા-ઈન્દુલાલ તથા પ્રતિષ્ઠિત પત્રકાર એવા દાદાજી-શ્રી કાલિદાસ શેલતનો અમૂલ્ય ફાળો રહ્યો છે, તો સાથે સાથે મુ.કાકા વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી, નાની-મંગીબા તથા જીવનભારતી શાળા અને તેનાં શિક્ષકોનો પણ મહત્વનો ફાળો રહ્યો છે. તેમને બાળપણથી જ મળેલું ઘરનું સાહિત્યિક વાતાવરણ શબ્દ સાથેના સંબંધને જોડવામાં મદદરૂપ થાય છે. વળી, બાળપણમાં જ હિમાંશીબહેનની મુલાકાત ઉમાશંકર જોશી, સુંદરમ્, જયંત પાઠક અને યશવન્ત શુક્લ જેવા મોટા ગજાના સાહિત્યકારો તથા કુંજવિહારી મહેતા, આચાર્ય કે.એલ.દેસાઈ, વ્રજરાય દેસાઈ અને ડૉ.આર.આઈ.પટેલ જેવા શિક્ષણશાસ્ત્રીઓ સાથે થાય છે. તેમનાથી પ્રેરાઈ સમાજને બદલવાના આશયે શિક્ષક બની ઉત્તમ વિચારો અને આદર્શોના પ્રસારક બનવાની એમણે ઈચ્છા સેવી હતી.

સુધારાવાદી, સાહિત્યપ્રેમી અને તેમના જમાનાથી બહુ આગળ એવા પ્રતિષ્ઠિત પત્રકાર-દાદાજીએ શૈશવથી જ હિમાંશીબહેનમાં શબ્દ વાંચનના બીજ રોપ્યાં હતાં, તો બહુ જ ઉદાર અને સંવેદનશીલ વ્યક્તિત્ત્વ ધરાવતા પિતાજીએ સમાજ પ્રત્યેની નિસબત વારસામાં આપી હતી. તેથી જ તો હિમાંશીબહેન અભાવગ્રસ્ત સમુદાયની સઘન પ્રવૃત્તિઓમાં જોડાય છે. જેમાં તેઓ જુવેનાઈલ ઓબ્ઝર્વેશન હોમ, અંધજન શાળા, પ્લેટફોર્મ પર રખડતા બાળકો, ગીચ ઝૂંપડપટ્ટીનાં બાળકો, રિમાન્ડ હોમ તથા અનાથાશ્રમનાં બાળકો ઉપરાંત દેહવ્યાપારના કુખ્યાત વિસ્તારોમાં દેહ વેચીને પેટનો ખાડો પૂરતી વારાંગનાઓ જેવા સમાજના ઉપેક્ષિત લોકો તરફ સહાનુભૂતિને લઈને એમને માટે કામ કરે છે.

વળી, તેજસ્વી અભ્યાસને કારણે તેઓ પોતાની જ કોલેજમાં અધ્યાપિકા તરીકે જોડાય છે. ત્યાં નિષ્ઠાપૂર્વકના અધ્યાપનકાર્યને લીધે વિદ્યાર્થીઓના પ્રિય થઈ પડે છે. ભલે તેઓ શિક્ષણના કથળતા જતાં સ્તરથી અને વિદ્યાર્થીઓમાં ઘટતી જતી સાહિત્યપ્રીતિ તથા નિસબતના અભાવથી કંટાળીને સ્વૈચ્છિક નિવૃત્તિ લે છે પરંતુ સાહિત્યસર્જનમાં તેઓ આજ પર્યંત પ્રવૃત્ત રહ્યાં છે. તેમની વાર્તાઓ અનુઆધુનિક ગુજરાતી વાર્તાસાહિત્યમાં શિરમોર ગણાય છે. નારી પ્રત્યે અતિ સંવેદનશીલ હિમાંશી શેલતની મોટા ભાગની વાર્તાઓના કેન્દ્રમાં નારીની પીડિત, શોષિત અને બળબળતી છબી આલેખાઈ છે. હિમાંશી શેલતે ટૂંકી વાર્તા ઉપરાંત નવલકથા, સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય, બાળ સાહિત્ય તથા સંપાદન, વિવેચન અને અનુવાદ જેવા સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

આવાં પ્રતિષ્ઠિત અને બહુપરિમાણીય પ્રતિભા ધરાવનાર હિમાંશી શેલતને પ્રાદેશિકથી માંડી રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યાં છે. એમને દિલ્હી સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓના પુરસ્કારોની સાથે સાથે ધૂમકેતુ, ઉમાશંકર જોશી, સરોજ પાઠક, જયંત ખત્રી-બકુલેશ, સનતકુમારી મહેતા જેવાં સાહિત્યકારોના માનમાં અપાતા પુરસ્કારો ઉપરાંત કર્ણાટકના નંજનગુડુ થીરૂમલમ્બા શાશ્વતી એવોર્ડ જેવા પુરસ્કારોથી પુરસ્કૃત થઈ છે. હિમાંશી શેલતની સર્જકતા પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે સતત પોંખાતી રહીં હોવા છતાં ૨૦૦૧ પછી કોઈપણ પ્રકારના પુરસ્કાર ન લેવાની જાહેરાત કરીને નવોદિત સર્જકો માટે તક ઊભી કરવાનો તેઓ નવો ચીલો પાડે છે. પુરસ્કાર ઉપરાંત હિમાંશી શેલતને કેન્દ્રીય સાહિત્ય અકાદમી તરફથી મળેલ 'ટ્રાવેલ ગ્રાન્ટ્સ ટુ ઓથર' યોજનાનો પણ લાભ મળ્યો હતો. હાલમાં પણ સર્જનક્ષેત્રે સક્રિય એવાં પ્રતિષ્ઠિત વાર્તાકાર હિમાંશી શેલતના આકર્ષક વ્યક્તિત્ત્વનો અને એમણે કરેલા સર્જનનો આ પ્રકરણમાં વિગતે પરિચય આપ્યો છે.

## <u>પ્રકરણઃ ૨</u>

## હિમાંશી શેલતનું ટૂંકી વાર્તાક્ષેત્રે પ્રદાન

આ પ્રકરણમાં પ્રતિબદ્ધ વાર્તાકાર હિમાંશી શેલતે અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે કરેલા પ્રદાન વિશે વિગતે ચર્ચા કરી છે. હિમાંશી શેલતે તેમની આસપાસ પથરાયેલા લાચારી, હતાશા, સંઘર્ષ અને કંગાલિયતના કુરૂપ, ભયાવહ વાતાવરણમાં જોયેલાં લોકોનાં દુઃખ અને તેમની પીડાને પોતાની વાર્તાઓમાં વાચા આપી છે. ૧૯૮૦ પછીના ગાળામાં જ્યારે સુરેશ જોશી પુરસ્કૃત આધુનિકવાર્તાનો ઓછાયો ઓસરી રહ્યો હતો, આધુનિક ગુજરાતી ટૂંકીવાર્તા તેનું સત્ત્વ ગુમાવી રહીં હતી તેવા સમયે હિમાંશી શેલત અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાના ઉદય સમાન 'અન્તરાલ' વાર્તાસંગ્રહ લઈ આવે છે. જે ગુજરાતી ટૂકીવાર્તાને નવું જોમ બક્ષે છે. તેઓ આધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાની વિશેષતાઓ અને

મર્યાદાઓથી સારી રીતે પરિચિત હોવાથી ભાષાની ક્લિષ્ટતા અને ટેક્નિકના વધારે પડતા ઉપયોગથી દૂર રહી ભાવકોને વાંચવી ગમે તેવી વાર્તાઓ લખવાની શરૂઆત કરે છે. ટૂંકમાં, ગુજરાતી ટૂંકીવાર્તાને નવું - કલાત્મક પરિમાણ આપી તેને સર્વોચ્ચ શિખરે બેસાડવામાં હિમાંશી શેલતનો ફાળો મહત્ત્વનો રહ્યો છે.

હિમાંશી શેલત અનુઆધુનિક વાર્તાકાર હોઈ તેમની વાર્તાઓને જે તે સમય સંદર્ભે મૂલવી શકાય તે હેતુથી પ્રસ્તુત પ્રકરણમાં સૌ પ્રથમ અનુઆધુનિકતાવાદનો  તેની સંજ્ઞા અને વિભાવના સમેત ટૂંકમાં પરિચય આપી અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાના વલણો વિશે ચર્ચા કરી છે. જેમાં નારીચેતના, દલિતચેતના અને ગ્રામચેતના વિષયક ગુજરાતીમાં લખાયેલ ટૂંકીવાર્તાઓ વિશે ઉલ્લેખ કરી અનુઆધુનિક વાર્તાકાર તરીકેની હિમાંશી શેલતની વાર્તાઓનો વિગતે અભ્યાસ કર્યો છે.

ઈયત્તા અને ગુણવત્તા ઉભય દૃષ્ટિએ ગુજરાતી ભાષાના મહત્ત્વનાં વાર્તાકાર તરીકે સ્થાપિત થયેલાં હિમાંશી શેલતની મોટાભાગની વાર્તાઓમાં આપણી આસપાસના જગતમાં આકાર લેતી રોજિંદી ઘટનાઓનું નિરૂપણ જોવા મળે છે. પ્રત્યક્ષ રીતે જોયેલા - અનુભવેલા સામાજિક વાસ્તવને કળાના વાસ્તવમાં રૂપાંતરિત કરતાં હિમાંશી શેલતે ‘અન્તરાલ’, ‘અંધારી ગલીમાં સફેદ ટપકાં’, ‘એ લોકો’, ‘સાંજનો સમય’, ‘પંચવાયકા’, ‘ખાંડણિયામાં માથું’, ‘ગર્ભગાથા’, ‘ઘટના પછી’, ‘એમનાં જીવન’ અને ‘ધારો કે આ વાર્તા નથી -’ એમ કુલ ૧૦ વાર્તાસંગ્રહો આપ્યાં છે. આ સંગ્રહોમાંની મોટાભાગની વાર્તાઓમાં મનુષ્યનાં જીવાતાં જીવનની પીડાદાયક સંવેદનાઓ આલેખાઈ છે. જેમાં એમની આસપાસ પથરાયેલા લાચારી, હતાશા, સંઘર્ષ અને કંગાલિયતના કુરૂપ, ભયાવહ વાતાવરણમાં જોયેલાં લોકોનાં દુઃખ અને તેમની પીડાના આલેખનની સાથે સાથે તેમને સામાજિક કામ અર્થે મળેલી કેટલીક સ્ત્રીઓની વિવિધરંગી છબી આલેખાઈ છે. એમની વાર્તાઓમાં આધુનિક મનુષ્યની વિચ્છિન્નતા, વિષાદ, હતાશા, નિઃસહાયતા, પરાયાપણું અને ખાલીપો જેવી મનુષ્યની આંતરિક અવસ્થાઓ રોજ-બરોજની સામાન્ય લાગતી ઘટનાઓ દ્વારા અભિવ્યક્તિ થઈ છે. હિંદુ-મુસ્લિમો વચ્ચે થતાં કોમી વૈમનસ્યને આલેખતી કેટલીક વાર્તાઓમાં આપણને તેમની તીવ્ર અનુભૂતિની અભિવ્યક્તિ સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલી જોવા મળે છે. તો શહેરમાં વારંવાર થતાં આંદોલનો જેવી ઘટનાઓને લીધે સામાન્ય મનુષ્યને જે હાડમારીનો સામનો કરવો પડે છે તેનું વર્ણન પણ કેટલીક વાર્તાઓના વિષય તરીકે આવે છે. દામ્પત્યજીવનમાં આવેલી કડવાશ, ચારિત્ર્યમાં શંકા કે એકબીજા પ્રત્યેના પ્રેમમાં આવેલી ઓટને કારણે સર્જાતી સમસ્યાઓને લીધે ઘટતી ઘટનાઓને કેન્દ્રમાં રાખીને પણ કેટલીક ઉત્તમ કહી શકાય તેવી વાર્તાઓ તેમણે આપી છે. નારીસંવેદનાના અનેક પરિમાણો આલેખતાં હિમાંશી શેલતે મા-દીકરીના સંબંધો, સ્ત્રી-પુરુષના સંબંધો, નારીજીવનની વ્યથા સાથે સમાજ નિરપેક્ષ નિઃસહાય અવદશા, વિફળ સંસાર, પતિ-પત્નીના રેઢિયાળ, વાસી થઈ ગયેલા દામ્પત્યજીવનને આલેખતી વાર્તાઓ આકર્ષક રજૂઆત પામી છે. વૃદ્ધોની એકલતા, લાચારી, હતાશા,

તિરસ્કાર, બે પેઢી વચ્ચેનો સંઘર્ષ, સ્મૃતિભ્રંશને કારણે થતી હેરાનગતિ જેવી અવદશાના આલેખનની સાથે સાથે બાળમાનસ અને કિશોરોના પ્રશ્નોને આલેખતી સુંદર વાર્તાઓ પણ એમણે આપી છે.

હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિમાં વિષયવસ્તુની સફળ અભિવ્યક્તિની સાથોસાથ પાત્રોની વિવિધતા તેમની વાર્તાઓનું જમાપાસુ છે. તેમની મોટા ભાગની વાર્તાઓમાં પાત્રો માનવજીવનની વિવિધ ગતિવિધિનું આલેખન કરતાં જોવાં મળે છે. હિમાંશી શેલતને તેમનાં સામાજિક કામો દરમિયાન મળેલ આ પાત્રોમાં અભણ, ભીરું, લાચાર, હતાશ, શોષિત એવાં ગરીબ પાત્રોથી માંડી મધ્યમવર્ગની હાડમારી વેઠતાં, પોતાના અસ્તિત્ત્વને ટકાવી રાખવા મથતાં, ગુંડા-મવાલી-હત્યારાઓ-બળાત્કારીઓથી જીવન બચાવવાનો સંઘર્ષ કરતાં પાત્રો પણ આલેખાયાં છે. જીવનનો રસકસ ખોઈ ચૂકેલી, બળેલી ઝળેલી, અપેક્ષાઓના ભંગારનો બોજ વેંઢારતી, નઘરોળ આદમીઓના નમાલાપણાને સહન કરતી સ્ત્રીઓના પાત્રો હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિમાં વિશેષ રજૂઆત પામ્યાં છે. સ્ત્રીપાત્રોની સાથે સાથે તેમના પુરુષપાત્રોએ પણ ભાવકના ચિત્ત પર અમીટ છાપ છોડી છે. તેમની વાર્તાઓમાં આલેખાયેલા પુરુષ પાત્રોમાં માનવજીવનની શોષિત, પીડિત, વિચ્છિન્ન, હતાશ, અવમાનિત અને એકલવાયા તેમજ નિરાધાર જીવનની અવસ્થાનું સંવેદનસભર આલેખન થયું છે. ટૂંકમાં, તેમની વાર્તાઓમાં વેશ્યાજીવનના અંધારા ખૂણાને ઉજાગર કરતાં સ્ત્રીપાત્રો છે તો સાથે સાથે હતાશ, લાચાર, એકલતા અને અવમાનનાથી પીડિત વૃદ્ધ પુરુષપાત્રો પણ છે.

હિમાંશી શેલતે તેમની વાર્તાઓમાં સીધીસાદી શૈલીથી માંડીને આત્મકથન, પ્રથમપુરુષ અને ત્રીજાપુરુષ કથનકેન્દ્ર, વિરોધી સ્થિતિની સહોપસ્થિતિ, ફ્લેશબેક, સ્વપ્નપ્રવિધિ, સર્જનાત્મકગદ્ય, બોલાતા શબ્દને એમ જ ઝીલવાની શક્તિ, કટાક્ષ-રમૂજના એકાદ તાંતણાને વણવાની ખાસ રીત, સિનેમેટિક, નાટયાત્મક અને કપોળકલ્પિત, પ્રતીકાત્મક રીતિનો વિનિયોગ જેવી અનેક રચનારીતિનો ઉપયોગ કર્યો છે. હિમાંશી શેલતે પોતે અનુભવેલા અનુભૂતિ જગતને વાર્તામાં કળાત્મક રીતે આલેખ્યું છે. છતાં રચનારીતિને જ માત્ર આધાર બનાવીને વાર્તા રચવાનો તેમણે ક્યારેય પ્રયાસ કર્યો નથી.

હિમાંશી શેલતે વાર્તાને કળાત્મક બનાવવા માટે અસરકારક કથનનો સુનિયોજીત ઉપયોગ કર્યો છે, તો વર્ણનોનો ખપ પૂરતો જ ઉપયોગ કર્યો છે. વર્ણનના ભારથી વાર્તાને ભારઝલ્લી બનાવવાને બદલે પાત્ર, પ્રસંગ, બનાવ કે ઘટના વિનિયોગ પૂરતું જ તેનું આલેખન કર્યું છે. વાર્તામાં તેમણે પ્રયોજેલ પ્રસંગોચિત, તેજસ્વી અને ધારદાર સંવાદો પાત્રના વિશેષ પ્રાગટય માટે આસ્વાદ્ય બન્યાં છે. પાત્રને અનુરૂપ ભાષા અને ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા સંવાદ રજૂ કરવાની તેમની રીત વાર્તાને કળાત્મક બનાવે છે. વળી, તેમણે પ્રયોજેલા સંવાદો પાત્રના વ્યક્તિત્ત્વને ઉઘાડવામાં મદદરૂપ બન્યાં છે. તો પાત્રોની નીજી લાગણીઓ, સંવેદનાઓ, આઘાત-પ્રત્યાઘાતો સંવાદ દ્વારા યથોચિત આલેખાયાં છે.

હિમાંશી શેલતે પ્રયોજેલી ભાષાશૈલી તેમની વાર્તાઓને એક નવું પરિમાણ બક્ષે છે. ‘ભાષાના આંજી દે એવા ઝગમગાટ કે ચબરાકીની તરફેણમાં હું નથી.’ એવું કહેનાર હિમાંશી શેલતની વાર્તાઓમાં પ્રયોજાયેલી ભાષા સાદી, સરળ અને આકર્ષક છે. એમણે માનવજીવનની વિવિધ સંકુલતાઓ અને ગતિવિધિઓને ભાષાકર્મના ભપકાથી આંજી દેવાના બદલે ભાવકને તે આસાનીથી સમજાય તેવી ભાષાનો પ્રયોગ કર્યો છે. તેથી જ આધુનિક ગુજરાતી વાર્તાથી છેટો થયેલો વાચક અનુઆધુનિક વાર્તાની નજીક આવે છે.

હિમાંશી શેલત તેમની મોટાભાગની વાર્તાઓમાં પાત્રના આંતરમનમાં પ્રવેશીને તેમની અંતરતમ લાગણીઓ, વેદનાઓ અને સંવેદનાઓને પાત્રના મુખે જ રજૂ કરે છે. આ કારણે એમની કેટલીક વાર્તાઓમાં પ્રયોજાયેલ પ્રથમ પુરુષ અને ત્રીજા પુરુષની કથનરીતિ વચ્ચેની રેખા અતિશય પાતળી હોય છે. જો વાચક આ ભેદને પારખી ન શકે તો કદાચ વાર્તાને માણવાનું જ ચૂકી જાય. અલબત્ એમની મોટાભાગની વાર્તાઓ સર્વજ્ઞ ક્થનકેન્દ્રથી આલેખાઈ છે.

હિમાંશી શેલતની વાર્તાઓમાં આલેખાયેલ ઘટના, પાત્રાલેખન, ભાષાશૈલી, રચનારીતિ, કથન-વર્ણન અને સંવાદ એ દરેક તત્ત્વોને લીધે તેમની વાર્તાઓ કળાત્મક રૂપ પામી છે. આ પ્રકરણમાં હિમાંશી શેલતની વાર્તાઓમાં નિરૂપાયેલ આ ઘટકતત્ત્વોના આધારે તેમની વાર્તાકળા અંગે વિગતે અભ્યાસ કર્યો છે.

## <u>પ્રકરણઃ ૩</u>

## હિમાંશી શેલતનું નવલકથા / લઘુનવલક્ષેત્રે પ્રદાન

પ્રસ્તુત પ્રકરણમાં હિમાંશી શેલતે નવલકથા/લઘુનવલ ક્ષેત્રે કરેલા પ્રદાન વિશે વિગતે ચર્ચા કરી છે. અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાક્ષેત્રે બહોળી પ્રસિદ્ધિ ધરાવતાં પ્રતિબદ્ધ વાર્તાકાર હિમાંશી શેલતે ટૂંકી વાર્તાની જેમ નવલકથાક્ષેત્રે પણ નોંધપાત્ર સર્જન કર્યું છે. એમણે ટૂંકી વાર્તાઓની જેમ તેમની નવલકથાઓમાં પણ આઘાતગ્રસ્ત બાળકોની અકથ્ય વેદનાઓ, વ્યથિત નારીની પીડાઓ, રેડ લાઈટ એરિયામાં લાચારીભર્યું જીવન જીવતી સ્ત્રીઓની સંવેદનાઓ આલેખી છે. અનુઆધુનિક ગુજરાતી નવલકથાક્ષેત્રે આપણે ત્યાં વિપુલ ખેડાણ થયેલું છે. હિમાંશી શેલત આ ગાળાના મહત્વના નવલકથાકાર હોઈ સૌ પ્રથમ અહીં અનુઆધુનિક ગુજરાતી નવલકથામાં પ્રયોજાયેલ નારીચેતના, દલિતચેતના અને ગ્રામચેતના જેવા વલણોનો અભ્યાસ કર્યો છે. ત્યારબાદ હિમાંશી શેલતે નવલકથા / લઘુનવલક્ષેત્રે કરેલા પ્રદાનની વિગતે ચર્ચા કરી છે.

હિમાંશી શેલતે 'આઠમો રંગ', 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં' તથા 'સપ્તધારા' એમ કુલ ચાર નવલકથા / લઘુનવલો આપી છે. તેમણે પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલના ચરિત્રને આધારે 'આઠમો રંગ' નવલકથા આપી છે. આપણાં સાહિત્યમાં ચરિત્રને આધારે નવલકથા લખવી એ એક સાહસ ગણાયું છે, જે સાહસ હિમાંશી શેલતે આ નવલકથા લખવામાં કર્યું છે. તેમની 'ક્યારીમાં આકાશપુષ્પ' લઘુનવલમાં લગ્નેતર સંબંધ નિમિત્તે ઉદ્ભવતી સમસ્યા અને તેના સુખદ ઉકેલનું આલેખન થયું છે. જ્યારે 'કાળાં પતંગિયાં'માં રૂપજીવિનીઓ તથા તેમનાં બાળકોનું મજબૂર છતાં પ્રેમ અને માણસાઈથી ભરેલું જીવન આલેખાયું છે. 'સપ્તધારા'માં તેમણે આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોની ઊંડી કરુણા અને સંવેદના આલેખી છે. આમ, હિમાંશી શેલતની આ ચારેય નવલકથા / લઘુનવલોમાં જુદાં - જુદાં વિષયો કળાત્મક રીતે આલેખાયા છે. હિમાંશી શેલતે સમાજ દ્વારા ધિક્કારાયેલ, તરછોડાયેલ, શોષિત, વંચિત માનવ સમૂહ સાથે વર્ષો સુધી કામ કર્યું છે જેનો તેમને થયેલ પ્રત્યક્ષ અનુભવ તેમના આ કથા સાહિત્યમાં કળાત્મક રૂપ પામ્યો છે.

અન્યની પીડાને પોતાની કરનાર હિમાંશી શેલતની આ નવલકથાઓના પાત્રો સમાજના જુદાં - જુદાં વર્ગસમૂહમાંથી આવે છે. તેમણે 'આઠમો રંગ'માં માત્ર ઓગણત્રીસ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવનાર પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતાના ચિત્રો અને તેના જીવનના સપ્તરંગી ઈન્દ્રધુષ્યોની વાત કરતાં - કરતાં આઠમો રંગ - ઉદાસીનો - ભૂખરો રાખોડી રંગ આલેખ્યો છે. 'ક્યારીમાં આકાશપુષ્પ'ની માલવિકાએ મહિલા ઉત્થાનમાં સમગ્ર જીવન ખરચી નાખ્યું હોવા છતાં પોતાનો જ દીકરો અન્ય સ્ત્રીના પ્રેમમાં પડી તેની પત્નીને દગો દે છે. પોતાના દીકરાએ કરેલો આ વિશ્વાસઘાત માલવિકાને અસહ્ય લાગે છે અને તેના દ્વારા વર્ષોથી કરાતા મહિલા ઉત્થાનના કાર્યમાં હવે નીચાજોણું થાય છે. આ લઘુનવલમાં કિન્નરીનું પાત્ર સહનશીલતાનું અને સંગીતાનું પાત્ર ઉદારતાનું ઘોતક બને છે. 'કાળાં પતંગિયાં'માં સારંગાના પાત્રની આસપાસ જ કથાની ગૂંથણી થઈ છે. અહીં અન્ય નારી પાત્રો હોવા છતાં સારંગાનું પાત્ર જ કેન્દ્રસ્થ થતું જોવા મળે છે. 'સપ્તધારા'માં હિમાંશી શેલતે આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોને મુખ્યપ્રવાહમાં લાવવાનું ભગીરથ કાર્ય કરતી સુચેતાનું પાત્ર આલેખ્યું છે. સુચેતા પૈસાદાર અને શિક્ષિત માતા-પિતાનું એકમાત્ર સંતાન હોવા છતાં અન્ય બાળકોની જેમ તેને પણ દસ વર્ષની ઉંમરે આઘાત સહન કરવો પડયો હતો. આ નવલકથામાં લેખિકાએ સુચેતા સિવાય અન્ય સાત ઉપેક્ષિત, પીડિત અને છિન્નભિન્ન બાળકોના જીવનની કઠીન પરિસ્થિતિ આલેખી છે. ટૂંકમાં, હિમાંશી શેલતે તેમની આ નવલકથાઓનાં મોટાભાગનાં પાત્રોમાં જીવનનો સંઘર્ષ આલેખ્યો છે.

લાઘવ એ હિમાંશી શેલતના સર્જનમાં મહત્વનું લક્ષણ ગણાયું છે. આ કથાઓમાં તેમણે લાઘવભર્યા ઉચિત શબ્દો દ્વારા પાત્રો અને ઘટનાનું ઉત્કૃષ્ઠ આલેખન કર્યું છે. મનુષ્યજીવનની વિવિધ

સંકુલતાઓ અને તેમની વિવિધ ગતિવિધિઓને ભાષાકર્મના ઝગમગાટથી આંજી દેવાને બદલે તેને સરળ શબ્દોમાં આલેખે છે. કથાના આલેખનની વચ્ચે-વચ્ચે કલ્પન, પ્રતીક, રૂઢિપ્રયોગ અને કહેવતો જેવાં ભાષાનાં આભૂષણો પાસેથી એમણે ધાર્યું કામ લીધું છે. પાત્રો વચ્ચે થતાં સંવાદમાં અંગ્રેજી અને હિન્દી-મરાઠી ભાષાનું કરેલું મિશ્રણ તેમની રજૂઆત ને આકર્ષક અને ધારદાર બનાવે છે. વળી, કૃતિમાં આવતાં એકધારાપણાંને ટાળવા હિમાંશી શેલતે પાત્રોની પોતાની વાતચીતની ભાષાનો ખાસ પ્રયોગ કર્યો છે. જેમાં મરાઠી તેમજ પારસી જેવી ભાષાઓનો પ્રયોગ મુખ્ય છે. આ ઉપરાંત કથાને ગતિ આપવા જ્યાં-જ્યાં જરૂર જણાંઈ ત્યાં તેમણે વાચકોને કંટાળો ન આવે એ રીતે વર્ણનો અને યથોચિત સંવાદોનો પણ ઉપયોગ કર્યો છે.

નવલકથાઓની રચનારીતિ હિમાંશી શેલતને સમકાલીન કથાસર્જકોથી જુદાં પાડે છે. તેમની 'આઠમો રંગ' નવલકથામાં અમૃતાના જીવનસંવેદનો અને તેમનાં જીવનસંઘર્ષને કળાત્મક રીતે આલેખવા આત્મકથનાત્મકશૈલીનો ઉપયોગ કર્યો છે. અહીં તેમનું લક્ષ્ય નવલકથાનું આલેખન હોવાથી ક્યાંક-ક્યાંક હકીકતોને આલેખવા કલ્પનાનો સહારો લીધો છે. 'ક્યારીમાં આકાશપુષ્પ' અને 'કાળાં પતંગિયાં' ને આલેખવા એમણે સર્વજ્ઞ કથનકેન્દ્ર પસંદ કર્યું છે. આ ઉપરાંત નવલકથાની રચનામાં તેમણે Flashback Techniqueનો પણ ઘણી જગ્યાએ પ્રયોગ કર્યો છે.

હિમાંશી શેલતે પાત્રોના જીવનસંઘર્ષને અહીં કળાત્મકતાથી નિરૂપ્યો છે. અનાથ બાળકો, રૂપજીવિની સ્ત્રીઓ, રહિત-વંચિત સમાજના લોકો, લાચાર વૃદ્ધો તેમજ ભદ્રસમાજનો અણગમો વેઠતા વંચિતોના જીવનસંઘર્ષને બખૂબી આલેખ્યો છે. 'આઠમો રંગ'માં એક કલાકારના જીવનમાં વ્યાપેલ વિષાદને, 'ક્યારીમાં આકાશપુષ્પ'માં દરેક સમાજ જે સમસ્યાથી ત્રસ્ત છે તેવી લગ્નેતરસંબંધની સમસ્યા આલેખાઈ છે. તો 'કાળાં પતંગિયાં'માં કહેવાતો ઉચ્ચ સમાજ જેમનાં પ્રત્યે તિરસ્કાર અને ધૃણાની નજરથી જુએ છે એવાં દેહવિક્રયના વ્યવસાય સાથે સંકળાયેલ સ્ત્રીઓના પારિવારિક વાતાવરણ અને તેમના જીવનસંઘર્ષને આલેખ્યો છે. હિમાંશી શેલતે સમાજના ગરીબ-શોષિત-વંચિત લોકો સાથે કામ કર્યું હોવાથી આ વર્ગના લોકોનો એમને બહોળો પરિચય છે. એ કારણે જ આઘાતપીડિત આ સાત બાળકોને જીવનમાં વેઠવી પડતી હાડમારીઅને તેમને ભોગવી પડતી પીડાનું આલેખન કર્યું છે. સાથે સાથે એમણે ભદ્રવર્ગના લોકોનું સામાજિક જીવન પણ આલેખ્યું છે.

હિમાંશી શેલતે તેમની ચારેય નવલકથાઓમાં સાચુકલાં પાત્રો અને તેમનાં જીવનદર્શનને વિગતે આલેખ્યું છે. વિષયાલેખન અને પાત્રાલેખનની સાથે સાથે હિમાંશી શેલતે નવલકથામાં પ્રયોજેલી ભાષા તેમની સર્જકતાની આગવી મુદ્રા ઉપસાવી આપી છે. આ વિશે આ પ્રકરણમાં વિગતે અભ્યાસ કર્યો છે.

## પ્રકરણ: ૪

## હિમાંશી શેલતનું સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્યક્ષેત્રે પ્રદાન

પ્રસ્તુત પ્રકરણમાં હિમાંશી શેલતે સ્મરણકથા-આત્મકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્યક્ષેત્રે કરેલા પ્રદાન વિશે વિગતે કરેલો અભ્યાસ રજૂ કર્યો છે. પોતે સ્વીકારેલાં નિશ્ચિત જીવનમૂલ્યોને આધારે જીવન જીવનારાં હિમાંશી શેલત પોતાના સાહિત્યસર્જનમાં સમાજવાસ્તવના અનેકવિધ સંવેદનશીલ પ્રદેશોને સ્પર્શતા રહ્યાં છે. હિમાંશી શેલત મૂળ વાર્તાલેખનના કસબી હોવાછતાં સાહિત્યના અનેક સ્વરૂપોમાં તેમની કલમ વિહરે છે. તેમણે ટૂંકીવાર્તા ઉપરાંત લઘુનવલ, નવલકથા, સ્મરણક્થા-આત્મકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય, બાળસાહિત્ય, સંપાદન, વિવેચન, અનુવાદ જેવા સાહિત્યના મોટાભાગના સ્વરૂપો દ્વારા ગુજરાતી ભાષા અને સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

'પ્લેટફોર્મ નંબર ચાર', 'વિકટર', 'એકડાની ચકલીઓ' તેમજ 'મુક્તિ-વૃત્તાંત' હિમાંશી શેલતના સ્મરણકથા - આત્મકથાના પુસ્તકો છે. 'ડાબે હાથે' તેમનું નિબંધ - હાસ્યવ્યંગ્ય તેમજ 'ગણપતની નોંધપોથી', 'આનંદે ભજવીએ', 'સોનું અને માઓ' અને 'રમતાં રમતાં ભાગ:૧-૨' તેમનાં બાળસાહિત્યના પુસ્તકો છે.

'પ્લેટફોર્મ નંબર ચાર'એ તકવિહોણાં અને અભાવગ્રસ્ત બાળકો માટે સુરત શહેરના રેલ્વે પ્લેટફોર્મ પર કરેલ સામાન્ય જ્ઞાનલક્ષી અને આનંદલક્ષી પ્રવૃત્તિઓ દરમિયાન લેખિકાને થયેલ અનુભવોની સ્મૃતિકથા છે. અહીં લેખિકાએ બાળકો સાથેના પોતાના શિક્ષણ સ્મરણોનું રોચક અને ચિંતનશીલ ઢબે કરેલું આલેખન છે. 'વિકટર'માં હિમાંશી શેલત પોતે પાળેલાં કુતરાં-બિલાડીની વાત આલેખે છે. આ પ્રાણી રત્નોમાં વિકટરની સાથેસાથે મેબલ, લાલિયો, શ્યામલ અને પારકોની પ્રેમાભિવ્યક્તિ પશુપ્રેમી ન હોય એવા વાચકોને પણ ચોક્કસ સ્પર્શી જાય એવી સચોટ વર્ણનશૈલીમાં રજૂ થઇ છે. પ્રાણીઓ પણ જીભથી ચાટીને, પૂંછડી પટપટાવીને, પગના થનગનાટ વડે, વહાલની આછી ઘુરઘુરાટી દ્વારા માપ્યા યા તોલ્યા વિના અવિરત, આખેઆખાં વ્યક્ત થઈ શકે છે કે ભરપૂર સ્નેહ ઠાલવી શકે છે. તો વળી, પ્રેમાળ વાણી જે મનુષ્ય પાસેથી નથી સાંભળવા મળતી તે કંઈક વધારે માત્રામાં પ્રાણીઓ પાસેથી કેવીરીતે લેખિકા અનુભવે છે તે વાત આ પુસ્તકમાં હૃદયને સ્પર્શે એ રીતે રજૂ કરી છે. 'એકડાની ચકલીઓ'માં નિબંધ, ચરિત્ર અને પ્રતિભાવ સંગ્રહિત થયાં છે. અહીં 'વિદાય વેળાએ', 'વાગે વાગે રે બ્રહ્મબંસરી' અને 'માથે હજાર હાથવાળો'માં અનુક્રમે લેખિકાના દાદા, નાની-મંગીબા અને પિતાજીનું ચરિત્રચિત્રણ નિરૂપાયું છે. તો, 'એકડાની ચકલીઓ', 'પંગતમાં...' અને 'ડર'માં બાળપણની સ્મૃતિઓ સચવાયેલી પડી છે. 'મુક્તિ-વૃત્તાંત' એ હિમાંશી શેલતનું પોતાનું આત્મ-વૃત્તાંત છે. પોતાની શરતોએ જીવન જીવનાર સ્ત્રીનું આ વૃત્તાંત છે. હિમાંશી શેલત જીવનમાં ક્યારેય બેવડાં ધોરણો સાથે જીવ્યાં નથી કે પોતાના અંગત સ્વાર્થ માટે સામેવાળાંને અનુકૂળ થઈને જીવ્યાં નથી. નાટયાત્મકરીતિ અને અસરકારક ભાષાશૈલીથી આલેખાયેલ આ

વૃત્તાંતમાં હિમાંશી શેલત પોતાના જીવનના એક પછી એક પડળો ખોલતાં જાય છે. ગુજરાતી આત્મકથાઓમાં પહેલી હરોળમાં મૂકી શકાય એવી આ આત્મકથામાં હિમાંશી શેલતે મૂકેલી જીવનની સત્ય હકીકતો, પારદર્શિતા અને કશું ન છૂપાવ્યાનો ભાવ તેને ઉત્કૃષ્ઠ બનાવે છે.

**'ડાબે હાથે'**માં લેખિકાની આસપાસ બનતી એવી ઘટનાઓ અને પરિસ્થિતિઓ કે જેમાં આઘાત, ગ્લાનિ, ભોંઠપ અને અકળામણ જેવી અનુભવેલી લાગણીઓની ઉત્કટતાને વ્યંગ-કટાક્ષના માધ્યમથી ઠાલવેલો ઉકળાટ છે. અહીં રાજકારણ અને સમાજજીવનની ચિત્ર-વિચિત્ર અને બેહૂદી ઘટનાઓ વ્યંગ-કટાક્ષમાં ઝીલાઈ છે.

'ગણપતની નોંધપોથી'એ રેલ્વે પ્લેટફોર્મ પર રખડતા ગણપતે ઓબ્ઝર્વેશન હોમનાં વસવાટ દરમિયાન સંસ્થામાં કામ કરતા રાજારામભાઈના કહેવાથી દિવસ દરમિયાન થયેલી ગતિવિધિ વિશે લખેલી રોજનીશી છે. જેમાં બાળકોના ભોળપણનો, તેમની જિજ્ઞાસાવૃત્તિનો, મોટા લોકોની વાતચીત અને તેમની વર્તણૂંકનો બાળમાનસપર પડતા પ્રભાવનો, બાળકોની કાલી - ઘેલી ભાષાનો, પોલીસ પ્રત્યેના અણગમાનો આપણને બહુ નજીકથી પરિચય મળે છે. 'આનંદે ભજવીએ'માં ડહાપણની વાતો બાળનાટકના માધ્યમ વડે અસરકારક રીતે કહેવામાં આવી છે. અહીં 'પ્રાણીઓ એમનું જન્મજાત વેર ત્યજી શકે છે પણ માણસો પોતાનો ઝઘડાખોર સ્વભાવ ત્યજી શક્તા નથી' એ વ્યંજનાંને કેન્દ્રસ્થ કરતું 'નવી નવાઈનું સરઘસ' અતિ સુંદર નાટક છે. જ્યારે 'વાલીઓએ પોતાનાં સપનાં બાળકો ઉપર ન થોપવાં જોઈએ' એ સંદેશ 'અમારાં સપનાં, તમારાં સપનાં'માં વ્યક્ત થયો છે.

'સોનુ અને માઓ'એ હિમાંશી શેલત રચિત બાળવાર્તાનું માત્ર ૧૬ પાનાનું પુસ્તક છે. ત્રીજા ધોરણમાં ભણતા આશય અને અમન વચ્ચે શાળાએ જતી વખતે રીક્ષામાં થતાં ઝઘડાની ફરિયાદ શાળાના આચાર્ય પાસે પહોંચે છે. આચાર્યના પત્રથી ચિંતામાં મૂકાયેલ આશય અને અમનની મમ્મીઓની સમસ્યાઓનો હલ નિશાળનાં ડોલીબહેન વાર્તાની ચોપડી બંને બાળકોને વાંચવા આપીને કાઢે છે. આ ચોપડી એટલે 'સોનુ અને માઓ'. જેમાં હિમાંશી શેલતને ઘરે રહેતા પ્રાણીમિત્રો એટલે કે સોનુ (કુતરો) અને માઓ (બિલાડો) વચ્ચે થયેલી દોસ્તીની વાત કહેવાઈ છે. 'રમતાં-રમતાં ૧-૨'માં બધી જ બાળવાર્તાઓ હેતુલક્ષી હોવા છતાં હિમાંશી શેલતે ક્યાંય બોધને પ્રગટ થવા દીધો નથી, પરંતુ તે કામ વાર્તાના પાત્રો પાસે કરાવ્યું છે.'નંદા અને મંદા'માં પર્યાવરણ સંરક્ષણનો, 'સમીર અને મરઘીનું બચ્ચું'માં માંસાહાર બંધ કરવાનો, 'નવુ કામ'માં બાળકોને મળેલ જીવસૃષ્ટિની સેવા-સંરક્ષણનો, 'બેલા'માં સ્વચ્છતાનો, 'ટી.વી. વિનાનો દિવસ' વાર્તામાં પર્યાવરણની આહ્લાદકતાનો, 'સોહનની સમજ' વાર્તામાં બાળક મા-બાપ કરતા વિશેષ ડહાપણવાળું હોય છે તેનો તથા 'ભંડકિયાનું ભૂત' વાર્તામાં દાદાનો બાળકોને

ભૂતબૂત ન હોવાની સમજાવટનો - વગેરે જેવાં સંદેશ મનોરંજનની સાથે પીરસવામાં આવ્યાં છે, છતાંય વાર્તાઓ ક્યાંય ભારઝલ્લી લાગતી નથી.

હિમાંશી શેલતના આ સ્મરણકથા-આત્મકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્યનો અહીં વિગતે અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

<u>**પ્રકરણઃ ૫**</u>

## હિમાંશી શેલતનું અન્ય સાહિત્ય સ્વરૂપોમાં પ્રદાન

પ્રસ્તુત પ્રકરણ અંતર્ગત હિમાંશી શેલતના સંપાદન, વિવેચન અને અનુવાદ વિશે વિગતે અભ્યાસ રજૂ કર્યો છે. હિમાંશી શેલતનું ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તા, નવલકથા, સ્મરણકથા, નિબંધ અને બાળ સાહિત્યની સાથે સાથે સંપાદન, વિવેચન અને અનુવાદ ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન રહ્યું છે. કોઈપણ ભાષાના સર્જનાત્મક સાહિત્યના વિકાસ અને તેના સંવર્ધન માટે સંપાદન, વિવેચન અને અનુવાદ જેવી કેટલીક પૂરક અને પોષક પ્રવૃત્તિઓ મહત્વની ગણાય છે.

ગુજરાતી સાહિત્યમાં સંપાદનક્ષેત્રે ચીવટપૂર્વક અને શાસ્ત્રીય પદ્ધતિએ થતાં કાર્યની શરૂઆત છેક દલપતરામના સમયથી થાય છે. દલપતરામે 'રાસમાળા' અંતર્ગત ગુજરાતની પ્રજા, તેમનો ઇતિહાસ, હસ્તલિખિત સાહિત્ય અને દસ્તાવેજો એકત્ર કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું હતું. દલપતરામ પછી નર્મદ, મહીપતરામ નીલકંઠ, હરગોવિંદદાસ કાંટાવાળા, ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદીથી લઈ નરસિંહરાવ દિવેટિયા, કેશવ હર્ષદ ધ્રુવ, બ. ક. ઠાકોર, રા. વિ. પાઠક, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી, જયંતિ દલાલ, રસિકલાલ છો. પરીખ, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ અને સુરેશ જોશી જેવા વિદ્વાનોએ સંપાદનક્ષેત્રે મહત્વનું યોગદાન આપ્યું છે, જે પરંપરા આજ પર્યંત ચાલુ રહી છે. હિમાંશી શેલતનું સંપાદનક્ષેત્રે મહત્વનું યોગદાન રહ્યું છે. એમણે જુદાં-જુદાં પ્રકારના કુલ ૧૦ સંપાદનો કર્યા છે. જેમાં એમણે 'સ્વામી અને સાંઈ', 'પ્રતિરૂપ', 'અડધા આકાશનો રંગ', 'પહેલો અક્ષર', 'નવલિકા ચયનઃ ૨૦૦૭', '૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ', 'અંતર-છબિ', 'લિ. હું આવું છું - ભાગઃ ૧-૨', 'નાયિકા પ્રવેશ', 'મધદરિયે મહેફિલ'નો સમાવેશ થાય છે.

સર્જનાત્મક સાહિત્યની લગોલગ ચાલનારી વિવેચન પ્રવૃત્તિ સાહિત્યને સમજવામાં અને તેનામાં રહેલી ત્રુટિઓ કે ક્ષતિઓ બતાવી તેને સમૃદ્ધ અને સત્ત્વશીલ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભકાળથી જ આપણને નવલરામ જેવા વિદ્વાન વિવેચક મળ્યા હતા કે જેમણે વિવેચનક્ષેત્રે મહત્વનું કાર્ય કર્યું હતું. નવલરામ ઉપરાંત મણિલાલ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટિયા,

ગોવર્ધનરામ ત્રિપાઠી, રમણભાઈ નીલકંઠ, કેશવ હર્ષદ ધ્રુવ, મટુભાઈ કાંટાવાળા, આનંદશંકર ધ્રુવ, ન્હાનાલાલ, ક. મા. મુનશી, બળવંતરાય ઠાકોર, રા. વિ. પાઠક, વિજયરાય વૈદ્ય, વિશ્વનાથ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ દ્વિવેદી તેમજ ઝવેરચંદ મેઘાણી, કાકાસાહેબ કાલેલકર, બટુભાઈ ઉમરવાડિયા, ચુનીલાલ શાહ, રસિકલાલ છો. પરીખ, ઉમાશંકર જોશી, સુંદરમ્, અનંતરાય રાવળ, ડોલરરાય માંકડ, ડો. ભોગીલાલ સાંડેસરા, હરિવલ્લભ ભાયાણી, જયંત પાઠક અને ધીરૂભાઈ ઠાકર જેવા વિદ્વાન અભ્યાસીઓએ વિવેચનક્ષેત્રે સીમાચિહ્નરૂપ કાર્ય કર્યું છે. 'પરાવાસ્તવવાદ', 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના', 'સલામત બાળપણની શોધમાં' એ હિમાંશી શેલતનાં વિવેચન-અભ્યાસના પુસ્તકો છે.

ગુજરાતી સાહિત્યના વિકાસમાં અનુવાદનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો છે. વિશ્વની જુદી જુદી ભાષાઓમાં સર્જાયેલ ઉત્તમ સાહિત્યથી અવગત થવા માટે તેમજ પોતાની ભાષામાં સર્જાયેલ ઉત્તમ સાહિત્યથી વિશ્વ અવગત થાય તે માટે અનુવાદની પ્રવૃત્તિ મહત્વની ગણાય છે. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં આપણે ત્યાં સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ થતો હતો, પરંતુ ત્યારબાદ અગ્રેજીનું વર્ચસ્ જોવા મળ્યું. આપણે ત્યાં અગ્રેજોના આગમનને કારણે અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો પરિણામે આપણે પાશ્ચાત્ય સાહિત્યના વધુ સંપર્કમાં આવ્યાં અને તેમાંનું કેટલુંક સાહિત્ય આપણી ભાષામાં અનુવાદિત થવા લાગ્યું. વળી, સંસ્કૃત અને અંગ્રેજીની સાથે સાથે હિન્દી, મરાઠી અને બંગાળી જેવી ભારતીય ભાષાઓમાંથી પણ અસંખ્ય કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ થવા લાગ્યો. ગુજરાતી સાહિત્યમાં નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, કેશવ હર્ષદ ધ્રુવ, કવિ કાન્ત, બ. ક. ઠાકોર, ન્હાનાલાલ, રા. વિ. પાઠક, ઉમાશંકર જોશી, સુન્દરમ્, ઝવેરચંદ મેઘાણી, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, સુરેશ જોશી, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, હસમુખ પાઠક, ભોળાભાઈ પટેલ તેમજ સિતાંશુ યશશ્ચંદ્ર જેવા વિદ્વાનોએ બહોળા પ્રમાણમાં અનુવાદ કાર્ય કર્યું છે. 'દ્રુતવિલંબિત', 'નોખા મિજાજનો અનોખો ચિત્રકાર' અને 'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!' જેવાં અનુવાદનાં મહત્વના કહી શકાય તેવાં પુસ્તકો આપ્યાં છે.

આ પ્રકરણમાં હિમાંશી શેલતે આપેલ સંપાદન, વિવેચન અને અનુવાદ સાહિત્યનો વિગતે અભ્યાસ કર્યો છે.

## પ્રકરણઃ ૬

## ઉપસંહારઃ સંશોધનના તારણો અને નિષ્કર્ષ

પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર શોધનિબંધમાંથી પસાર થતાં પ્રાપ્ત થયેલ તારણો અને નિષ્કર્ષો રજૂ કર્યા છે. અહીં પ્રતિબદ્ધ વાર્તાકાર હિમાંશી શેલતે અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તા, નવલકથા, સંસ્મરણકથા-

આત્મકથા, નિબંધ, વ્યંગ્ય, બાળસાહિત્ય, સંપાદન, વિવેચન અને અનુવાદક્ષેત્રે કરેલા પ્રદાનને મુલવીને તેમની વિશેષતાઓ અને મર્યાદાઓ તારવી તે અંગે નિષ્કર્ષ રજૂ કર્યો છે.

## **પરિશિષ્ટઃ ૧**

A Presentation under Departmental Coursework (Phase - I) For Ph.D. Students - ‘નારીની અસ્મિતા પ્રગટાવતી નવલકથાઃ ‘કાદંબરીની મા’’વિશે તૈયાર કરેલ સંશોધન પેપર અત્રે રજૂ કરેલ છે.

## **પરિશિષ્ટઃ ૨**

A Presentation under Departmental Coursework (Phase - II) For Ph.D. Students - ‘દિવસના ઉજાસની પછીતે છૂપાયેલું અંધારુંઃ ‘સફેદ અંધારું’’વિશે તૈયાર કરેલ સંશોધન પેપર અત્રે રજૂ કરેલ છે.

## **પરિશિષ્ટઃ ૩ – હિમાંશી શેલત સાથેની મુલાકાત**

વાર્તાકાર હિમાંશી શેલત સાથે થયેલ મુલાકાતનો આલેખ અત્રે રજૂ કર્યો છે.

## **પરિશિષ્ટ : ૪ – પુસ્તક સૂચિ**

સંશોધનકાર્ય માટે ઉપયોગમાં લીધેલ હિમાંશી શેલતના પુસ્તકોની સૂચિ અત્રે રજૂ કરી છે.

## **પરિશિષ્ટઃ ૫ – સંદર્ભગ્રંથ સૂચિ**

સંશોધનકાર્ય માટે ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથોની સૂચિ અત્રે રજૂ કરી છે.

## **પરિશિષ્ટઃ ૬ – સામયિક સૂચિ**

સંશોધનકાર્ય માટે ઉપયોગમાં લીધેલ સામયિકોની સૂચિ અત્રે રજૂ કરી છે.